## અપીલ અરજી નં.૧.(૨૦૧૩–૧૪)

અરજદાર :– શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા

સામાવાળા :– ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ટ્રાફિકસેલ,બીજો માળે, આંબેડકર શોપીંગ સેન્ટર, માનદરવાજા, રીંગરોડ,સુરત.

વિષય :– (૧) માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ હેઠળ અરજદાર :– શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની અરજી આઈડી.નં.૨૦૭૨, તા.૦૭/૦૨/૧૩.

(૨) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલઝોનના પત્ર નં. સે.ઝોન/ આર.ટી.આઈ./જાવક/૩૧૩૩, તા.૧૧/૦૨/૧૩.

સંદર્ભ :– (૧) અરજદાર શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૨૬/૦૩/૧૩ ની પ્રથમ અપીલ અરજી નં.SMC/FAP/ ટ્રાફિક સેલ/૧/૨૦૧૩–૧૪ (ટ્રાફિક સેલ આર.ટી.આઈ અપીલ રજીસ્ટર મુજબ)

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર સેન્ટ્રલઝોનના નં. સે.ઝોન/આર.ટી.આઈ./ આઉટ/૩૬૫૩, તા.૩૦/૦૩/૧૩.

ફરીયાદની હકીકત :–

અરજદાર શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની ઉકત વિષયમાં જણાવેલ અરજી થી તા.૦૭/૦૨/૧૩ ના રોજ મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતી માંગતી અરજી મે. કમિશ્નરશ્રી ને ઉદ્દશીને સુરત મહાનગરપાલિકાને લાગત તમામ ખાતાઓ, પોલીસ કમિશ્નરશ્રી, આરોગ્ય અધિકારીશ્રી, તોલમાપ વિભાગ, કલેકટરશ્રી, જીલ્લા ગૃહ ઉધોગ અને જીલ્લા મેજીસ્ટેટને સબોધીને કરેલ છે. જે અત્રેના ખાતાને ઈનવર્ડ નં.૨૮૦૯, તા.૧૪/૧૦/૧૩ ના રોજ મળેલ છે.

અરજદારને તેઓની અરજીમાં દર્શાવેલમુદ્દા નં. ૧ થી ૮ ટ્રાફિક સેલના કાર્યક્ષેત્રમાં આવતા નથી. અને મુદ્દા નં. ૧ થી ૮ પૈકી મુદ્દા નં. ૬ ટ્રાફિક સમસ્યાને લગતો હોય, સદર અરજી સેન્ટ્રલઝોનના ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી દ્વારા, પોલીસ ઈન્સપેકટરશ્રી, સૈયદપુરા, પોલીસ સ્ટેશનને તબદીલ કરવામાં આવેલ છે. જે મુજનો પત્ર અત્રેના આઉટ વર્ડ નં/ટ્રાફિક સેલ/૨૫૬૧, તા.૧૫/૦૨/૧૩ થી પાઠવવામાં આવેલ છે.

હુકમ :–

અરજદાર શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની અપીલ અરજી સંદર્ભે અત્રેના ટ્રાફિક સેલ વિભાગને કઈ કરવાનું રહેતુ ન હોય તેમજ જે અંગેની જાણ અરજદારશ્રીના પત્ર નં. ૨૫૬૧ તા. ૧૫/૦૨/૨૦૧૩ ના રોજ કરવામાં આવી હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ટ્રાફિક સેલ
આઉટ વર્ડ નં.૪૦
તારીખ ૦૪/૦૪/૧૩

(જે.એમ.ચૌહાણ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ/(બી.આર.ટી.એસ.સહીત)
સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા

જયદિપસિંહ એમ.ચૌ
બી.ઈ.(સીવીલ) એલ.એલ.બી.
કાર્યપાલક ઈજનેર

ટ્રાફિક સેલ
બીજો માળ, આંબેડકર શોપીંગ સેન્ટર,
રીંગરોડ, સુરત.
મો.નં.૦૯૭૨૪૩૪૫૨૦૨
ફોન નં. : ૦૨૬૧–૨૩૬૪૩૨૫
ફેકસ નં.: ૦૨૬૧– ૨૩૬૪૩૨૫

અપીલ અરજી નં. ૨

ટ્રાફિક સેલ આઉટ વર્ડ નં. ૧૩૩૮
તા. ૧૬/૦૮/૧૩

અરજદારઃ– શ્રી જીગ્નેશ એમ. યાદવ

સામાવાળાઃ– ઈ.ચા.ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ટ્રાફિક સેલ, સુરત મહાનગરપાલિકા, સુરત.

વિષયઃ– (૧) માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજદાર શ્રી જીગ્નેશ એમ.યાદવની માહિતી માંગતી અરજી આઈ.ડી.ન.૬૦૦,તા.૩૧/૦૫/૨૦૧૩

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર સાઉથઝોન (ઉધના) ના પત્ર નં.સે.ઝોન/ટેક/૬૮૪, તા.૦૫/૦૮/૧૩

સંદર્ભઃ– (૧) અરજદાર મજદુરની અરજી આઈ.ડી.નં.૬૦૦, તા.૩૧/૦૫/૧૩ અન્વયે અપીલ અરજી નં. SMC/FAP/ટ્રાફિકસેલ/૦૨/૨૦૧૩–૧૪ (ટ્રાફિકસેલ અપીલ રજીસ્ટર મુજબ)

ફરીયાદ હકીકતઃ–

અરજદારશ્રી જીગ્નેશ એમ. યાદવે માહિતી અધિકારી અધિનિયમ ૨૦૦૫ હેઠળ જાહેર માહિતી અધિકારી સાઉથઝોન–ઉધનાને ઉદ્દેશીને માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૬૦૦/૩૨૩૪/૩૧–૦૫–૧૩ ના રોજ કરેલ હતી. સદર અરજીનો જાહેર માહિતી અધિકારી ઉધનાઝોને કોઈ જ પ્રત્યુત્તર પાઠવેલ નથી તેમજ અન્યત્ર તબદીલ કરેલ નથી.

અરજદાર દ્રારા માંગવામાં આવેલી માહિતી સમયમર્યાદામાં મળેલ ન હોવાથી અરજદારે ઉધનાઝોનને પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે ઉધનાઝોનના દફતરે અપીલ અરજી નં. ૧૩૯, તા. ૧૦/૦૭/૧૩ થી નોંધાયેલ છે. સદર અપીલ અરજી સાથેની મૂળ અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર સાઉથઝોન ઉધના એ તેઓના આઉટ વર્ડ નં.સા.ઝોન/ટેક/૬૮૪, તા. ૦૫/૦૮/૧૩ ના રોજ અત્રે ટ્રાફિકસેલમાં તબદીલ કરેલ છે. જે અત્રે ટ્રાફિક સેલના ઈનવર્ડ નં. ૧૨૬૭, તા. ૦૬/૦૮/૧૩ ના રોજ નોંધાયેલ છે.

**હુકમઃ–**

અરજદારશ્રી જીગ્નેશ એમ. યાદવ દ્રારા માંગવામાં આવેલી " હરીનગર –૨ મેઈન રોડ ઉપર હાલ બનાવવામાં આવતા ફુટ ઓવર બ્રીજ અંગે કરેલ ઠરાવ તથા મંજુર કરવામાં આવેલ પ્લાન લોકેશન વિશેની માહિતી તથા ફેર વિચારણા વખતે ધ્યાનમાં લેવામાં આવેલા મુદ્દાની નકલની માંગણી કરેલ છે.

અરજદારની મૂળ અરજી અત્રે ટ્રાફિકસેલમાં સમયમર્યાદામાં તબદીલ થઈને મળેલ નથી. તેમજ અરજદારે કરેલ પ્રથમ અપીલ અરજી અનુસંધાને માહિતી RTI એકટની કલમ ૭ (૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ડે.ઈજનેરશ્રી ટ્રાફિકસેલને જણાવવામાં આવે છે.

(જે.એમ.ચૌહાણ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિકસેલ/બી.આર.ટી.એસ.સહિત
સુરત મહાનગર પાલિકા

સુરત મહાનગરપાલિકા

જયદિપસિંહ એમ.ચૌ
બી.ઈ.(સીવીલ) એલ.એલ.બી.
કાર્યપાલક ઈજનેર

ટ્રાફિક સેલ
બીજો માળ, આંબેડકર શોપીંગ સેન્ટર,
રીંગરોડ, સુરત.
મો.નં.૦૯૭૨૪૩૪૫૨૦૨
ફોન નં.: ૦૨૬૧–૨૩૬૪૩૨૫
ફેકસ નં.: ૦૨૬૧–૨૩૬૪૩૨૫

---

<u>અપીલ અરજી નં. ૩</u>

ટ્રાફિક સેલ આઉટ વર્ડ નં:– ૧૭૭૯
તારીખ:– ૧૦/૧૦/૧૩

અરજદાર:– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળા:– ઈ.ચા.ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ટ્રાફિક સેલ, સુરત મહાનગરપાલિકા, સુરત.

વિષય:– (૧) માહિતી અધિકારી અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૮૦૯,તા.૧૫/૦૭/૨૦૧૩.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર સેન્ટ્રલઝોન ના પત્ર ક્રમાંક નં.સી.ઝેડ/ આર.ટી.આઈ./આઉટ/૧૯૯૮, તા.૨૪/૦૯/૨૦૧૩

સંદર્ભ:– (૧) અરજદાર મજકુરની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૮૦૯, તા.૧૫/૦૭/૨૦૧૩ અન્વયે અપીલ અરજી તા.૨૧/૦૯/૨૦૧૩ નં. SMC/FAP/ટ્રાફિકસેલ/૦૩/૨૦૧૩–૧૪ (ટ્રાફિકસેલ અપીલ રજીસ્ટર મુજબ)

**ફરીયાદની હકીકત:–**

અરજદારશ્રી શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે માહિતી અધિકારી અધિનિયમ–૨૦૦૫ હેઠળ ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને ઉદ્દેશીને માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૮૦૯, તા. ૧૫/૦૭/૨૦૧૩ ના રોજ કરેલ હતી. સદર અરજી અત્રે ટ્રાફિકસેલમાં તા. ૨૦/૦૭/૨૦૧૩ ના રોજ મળેલ છે.

અરજદારની અરજીના મુદ્દા નં. ૧થી ૯ માં અરજદારે " બાર ફુટ ઓવર બ્રીજના કોન્ટ્રાકટમાં કરોડોનું કૌભાંડ " બાબતે મુદ્દાસર માહિતી માંગેલ . જેના અનુસંધાનમાં ટ્રાફિકસેલના જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ડે.ઈજનેર અત્રેના ટ્રાફિકસેલ આઉટવર્ડ નં. ૧૨૭૬, તા. ૨૨/૦૮/૨૦૧૩ મુજબ અરજદારને મુદ્દાસર જવાબ પાઠવેલ છે.

અરજદારે માંગેલ માહિતી અપુરતી અને મુદ્દાસર ન મળેલી હોવાની રજુઆત કરી તા. ૨૧/૦૯/૨૦૧૩ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં તેઓએ મળેલ મુદ્દાઓના જવાબ બાબતે અસંતોષ હોવાનું જણાવેલ છે.

અરજદારને તેમની અપીલ અરજી બાબતે રૂબરૂ સાંભળવા માટે તેમજ તેમની રજુઆત માટે તા.૦૮/૧૦/૨૦૧૩ ના રોજ સવારે ૧૧.૪૫ કલાકે અરજી ની મૂળ નકલ સહીત રજુ કરવાના પુરાવા સહીત રૂબરૂ હાજર રહેવા જણાવેલ. જેમાં અરજદારે તા. ૦૮/૧૦/૨૦૧૩ ના રોજ ટેલીફોનીક મેસેજ આપેલ કે પોતે તા. ૦૮/૧૦/૨૦૧૩ ના રોજના બદલે તા. ૦૯/૧૦/૨૦૧૩ ના રોજ હાજર રહેશે એમ જણાવેલ.

તા.૦૯/૧૦/૨૦૧૩ ના રોજ અરજદાર નરેશભાઈ નાનજીભાઈ બથવાર, અપીલ અધિકારી સમક્ષ તેમજ ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ટ્રાફિકસેલ સમક્ષ, બીજો માળ, આંબેડકર શોંપીગ સેન્ટર, રીંગરોડ, સુરત ખાતે રૂબરૂમાં હાજર થયા હતા. અરજદારને તમામ મુદ્દાઓ બાબતે વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ છે. અને રૂબરૂ સુનાવણીમાં તેમને સાંભળવામાં આવ્યા હતાં અને દફતરી નિરીક્ષણ કરાવી, અપીલ અરજી બાબતે યોગ્ય અને સંતોષકારક માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત તેમની અરજી બાબતે કોઈપણ માહિતી જોઈશે તે આપવાની બાંહેધરી આપવામાં આવી હતી. અને અપીલ અરજી બાબતે કોઈ વાંધો લેવાનો રહેતો નથી. જેથી અપીલ અરજી દફતરે કરવા અરજદારે સંમતિ આપેલ છે.

**<u>હુકમઃ—</u>**

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની અપીલ અરજી બાબતે ટ્રાફિકસેલને લગતાં ફુટ ઓવર બ્રીજના મુદ્દાઓ અંગેના જવાબ —નિરીક્ષણથી અરજદારને સંતોષ થતાં તેમણે આપેલી લેખિત સંમતિના આધાર અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિકસેલ/બી.આર.ટી.એસ.સહિત
સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા

જયદિપસિંહ એમ.ચૌ
બી.ઈ.(સીવીલ) એલ.એલ.બી.
કાર્યપાલક ઈજનેર

ટ્રાફિક સેલ
બીજો માળ, આંબેડકર શોપીંગ સેન્ટર,
રીંગરોડ, સુરત.
મો.નં.૦૯૭૨૪૩૪૫૨૦૨
ફોન નં. : ૦૨૬૧–૨૩૬૪૩૨૫
ફેકસ નં.: ૦૨૬૧–૨૩૬૪૩૨૫

અપીલ અરજી નં.૪

ટ્રાફિકસેલ આઉટ વર્ડ નં.૨૦૭૧

તા.૨૧/૧૧/૨૦૧૩

અરજદારશ્રીઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,

સામાવાળાઃ– ઈ.ચા.ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ટ્રાફિક સેલ, સુરત મહાનગરપાલિકા, સુરત.

વિષયઃ– માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજદારશ્રીઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૧૨૬૭, તા.૧૩/૦૯/૨૦૧૩.

સંદર્ભઃ– અપીલ અધિકારી અને સેકશન ઓફિસરશ્રી સુરત મહાનગરપાલિકા ચતય સેલના પત્ર નં. ચતયળ૨૩૭, તા.૦૮/૧૧/૧૩

ફરીયાદની હકીકીતઃ–

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની માહિતી અધિકાર અધિકાર અધિનિયમ– ૨૦૦૫ હેઠળ મ્યુ. કમિશનરશ્રીને સંબોધી કરેલી અરજી મધ્યસ્થ કરેલી અરજી મધ્યસ્થ કચેરી ક્રમ નં.ડી/૨૧૯૬,તા.૩૧/૦૫/૨૦૧૩,તેમજ ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન,સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઈ/જાવક/નં.૧૯૨૦,તા૧૬/૦૯/૧૩,જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી–૨૮૩૪,તા.૨૦/૦૯/૧૩ તેમજ પત્ર તા.નં.સી–૩૩૪૩ તા.૨૪/૦૯/૧૩ના અનુસંધાને અરજી મળેલ છે.

સદર અરજી અનુક્રમ નં.પ,ડી./૨૧૯૬, તા.૩૧/૦૫/૧૩ ની માહિતી અત્રેથી ટ્રાફિકસેલ આઉટ વર્ડ નં.૧૬૬૩, તા.૩૦/૦૯/૧૩ ના રોજ અરજદારને પાઠવી દેવામાં આવેલ છે.

અરજદારની અરજી સંદર્ભ અપીલ અધિકારી હને સેકશન ઓફિસર ચતય સેલ સુરત મહાનગરપાલિકા તરફથી અરજદારની અપીલ અરજી અત્રેના ઈનવર્ડ નં.૨૧૧૮,તા.૦૮/૧૧/૨૦૧૩ ના રોજ મળેલ છે.

અરજદારશ્રીને તેમની અપીલ અરજી બાબતે રૂબરૂ સાંભળવા માટે,તેમની રજુઆત માટે તા.૨૦/૧૧/૨૦૧૩ ના રોજ બપોરે ૧૧.૪૫ કલાકે અરજીની મૂળ નકલ સહીત રજુ કરવાના પૂરાવા સહીત રૂબરૂ હાજર રહેવા જણાવેલ હતું.

તા.૨૦/૦૩/૨૦૧૩ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ અપિલ અધિકારી સમક્ષ તેમજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ડે.ઈજનેર સમક્ષ આંબેડકર શોપીંગ સેન્ટર, બીજો માળ, રીંગરોડ, સુરત સમક્ષ રૂબરૂમાં હાજર રહયા હતા. અરજદારને તેમની રજુઆત બાબતે રૂબરૂમાં સાંભળવામાં આવેલ અને તેમની અપીલ અરજી બાબતે યોગ્ય અને સંતોષકારક માહિતી આપેલ હતી. તેમને અત્રેના વિભાગ તરફથી આપવામાં આવેલ માહિતી થી સંતોષ થયો હતો. જેથી અપીલ અરજી બાબતે કોઈ વાંધો લેવાનો રહેતો નથી, તેમ જણાવી અપીલ અરજી દફતરે કરવાની અરજદારે સંમતિ આપેલ છે. (પાના નં..........)

હુકમઃ–

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ની અપીલ અરજી બાબતે ટ્રાફિક સેલને લગતી મુદ્દાની માહિતી થી અરજદારને સંતોષ થતા આપેલી લેખિત સંમતિના આધારે અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અપીલ અધિકારી
અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ/બી.આર.ટી.એસ.સહિત
સુરત મહાનગરપાલિકા

અપીલ  અરજી નં.૫
ટ્રાફિક સેલ  /આ.નં.૨૧૪૫
તા.૩૦/૧૧/૨૦૧૩

અરજદારઃ–શ્રી જયસુખભાઈ નાનજીભાઈ ગજેરા

સામાવાળાઃ– ઈ.ચા.ડે.ઈજનેર અને માહિતી અધિકારી
ટ્રાફિક સેલ,સુરત મહાનગરપાલિકા,સુરત.

વિષયઃ–આપશ્રીની માહિતી અધિકાર અધિનિયમ    –૨૦૦૫ હેઠળ અરજદારની માહિતી માંગતી અરજી
તા.૨૪/૧૦/૨૦૧૩.

સંદર્ભઃ– અરજદારની તા.૨૬/૧૧/૨૦૧૩    ની અપીલ  અરજી.
ફરીયાદની હકીતઃ–

અરજદાર શ્રી જયસુખભાઈ નાનજીભાઈ ગજેરાની માહિતી માંગતી અરજી અત્રેની કચેરીને તા.૨૪/૧૦/૨૦૧૩ના રોજ મળેલ છે. જેમાં  અરજદારે ગતિ અવરોધક પર સફેદ પટ્ટા  કયારે પાડયા,તે અંગેના  બજેટ અંગે, તેમજ મુખ્ય જંકશનો પર જીબ્રા ક્રોસીંગ પટ્ટા મારવા બાબત અરજી કરેલ હતી. અરજદારને અત્રેથી ટ્રાફિક સેલ,આ.નં.૨૦૦૩,તા.૧૪/૧૧/૨૦૧૩  ના  રોજ પ્રત્યુત્તર પાઠવવામાં   આવેલ  હતો.

અરજદારે અત્રે ના વિભાગના પ્રત્યુત્તરથી અસંતોષ હોવાનું  જણાવી પ્રથમ  અપીલ અરજી તા.૨૬/૧૧/૨૦૧૩   ના  રોજ કરેલ  હતી.

અરજદારશ્રીને તેમની અપીલ  અરજી બાબતે રૂબરૂ સાંભળવા  માટે,તેમની રજુઆત માટે તા.૨૮/૧૧/૨૦૧૩ના  રોજ બપોરે ૧૨ કલાકે અરજીની મૂળ નકલ  સહીત રજુ કરવાના  પુરાવા  સહીત રૂબરૂ હાજર રહેવા  જણાવેલ  હતું.

તા. ૨૮/૧૧/૨૦૧૩   ના  રોજ બપોરે ૧૨/–ના  સુમારે અરજદારશ્રી જયસુખભાઈ નાનજીભાઈ ગજેરા,અપીલ અધિકારી સમક્ષ  તેમજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ડ.ઈજનેર સમક્ષ  આંબેડકર શોપીંગ  સેન્ટર,બીજા માળે,માનદરવાજા,રીગરોડ,સુરત સમક્ષ  રૂબરૂમાં   હાજર થયા  હતાં   અરજદારે તેમની રજુઆત બાબતે રૂબરૂમાં   સાંભળવામાં   આવેલ. વરાછાઝોન વિસ્તાર માં   મુખ્ય  રસ્તા  ઉપર હોટથર્મોપ્લાસ્ટીકની કામગીરી ચાલુ છે.અને અરજદારે જણાવેલ  જગ્યા  ઉપર ટૂંક સમયમાં   કામગીરી હાથ ધરવાનું   અત્રેથી જણાવતાં,જવાબથી સંપૂર્ણ પણે સંતોષ  થયો હોવાનું   જણાવેલ  છે. અને અપીલ  અરજી દફતરે કરવાની સંમતિ આપેલ  છે.

હુકમઃ– અરજદાર શ્રી જયસુખભાઈ નાનજીભાઈ ગજેરાની અપીલ  અરજી બાબતે અત્રેથી આપવામાં   આવેલ  માહિતી થી અરજદાર ને સંતોષ  થતાં   આપેલી લેખિત બાંહેધરીના  આધારે અપીલ  અરજી દફતરે કરવામાં   આવે છે.

અપીલ  અધિકારી
અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ/બી.આર.ટી.એસ.સહિત
સુરત મહાનગરપાલિકા